ગાંધીનગર સમાચાર

માણસાના ગુલાબપુરાને જિલ્લાનું પ્રથમ કેશલેસ વિલેજ બનાવાશે

# શહેરમાં ક્રોસ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં પેવર બ્લોકનું કામ શરૂ

### વાહનચાલકોને માર્ગ ઓળંગતી વેળાએ યોગ્ય વિઝન મળે તે માટે બે મીટરમાં રોપાઓ દુર કરી પેવરકામ હાથ ધરાયુ



ગાંધીનગર તા ૬

શહેરમાં માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં ક્રોસ રસ્તાઓ પર માર્ગ સલામતીને જોખમમાં મુકતી સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા ક્રોસિંગ રસ્તા પર ડિવાઇડરમાંથી પ્લાન્ટેશન દુર કરી પેવર બ્લોક કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. પેવર બ્લોકની કામગીરીના લીધે વાહનચાલકોને રસ્તો ઓળંગવા માટે જરૂરી વિઝન મળશે જયારે પૈડા પરની જિન્દગી પણ વધુ સલામત બનશે.

શહેરમાં ખુલ્લા અને પહોળા માર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ સાથે બેફામ ગતિએ વાહનો દોડે છે. જયારે મુખ્ય માર્ગો પર આવતા ક્રોસ રસ્તાના લીધે અકસ્માતો થવાની શક્યતા વધી છે. આવા સંજોગોમાં સેન્ટ્રલ વર્જમાં સ્થિત પ્લાન્ટેશન પણ અકસ્માતનુ કારણ બનતુ હોવાનો સુર ઉઠતા તંત્ર દ્વારા નવી યોજના હાથ ધરવામાં આવી છે. શહેરના મુખ્ય ઉભા અને આડા રસ્તા પર થોડા થોડા અંતરે ક્રોસિંગ રસ્તાઓ જોવા મળે છે. જયારે આ માર્ગ પરથી વાહનચાલકો તેમજ રાહદારીઓએ રસ્તો ઓળંગવાનુ પણ મુશ્કેલ અને ખતરારૂપ બન્યુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. માર્ગ વચાળે સ્થિત ડિવાઇડરમાં પ્લાન્ટેશન હોવાથી રસ્તો ઓળંગતી વખતે વાહનચાલકોને યોગ્ય વિઝન મળતુ નથી. જેના લીધે મુખ્યમાર્ગો પર માર્ગ સલામતી જોખમાઇ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. આવા સંજોગોમાં સેન્ટ્રલ વર્જમાં ક્રોસ રસ્તા પાસેનુ પ્લાન્ટેશન દુર કરવા માટે અને આ ઠેકાણે અમુક અંતરમાં પેવર બ્લોક લગાવવા માટે યોજના હાથ ધરવામાં આવી છે. આ કાર્યયોજના અન્વયે કોર્પોરેશને કામ હાથ ધર્યુ છે. હાલ નગરના ચ માર્ગ પર આ કામગીરી ચાલી રહી છે. લાંબા સમયથી ક્રોસ રસ્તાઓ બંધ કરવાની વિચારણા પણ પડતી મુકાયા બાદ આખરે માર્ગ સલામતીને ધ્યાને લઇ તંત્ર દ્વારા ત્વરિત કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મુખ્ય માર્ગોને ક્રોસ કરતા વાહનચાલકોને વિઝન મળે તે માટે ડિવાઇડરમાં બે મીટરની જગ્યામાં પેવર બ્લોક કરવામાં આવી રહયુ છે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧ .૫૦ કરોડનો ખર્ચ થશે.

# જિલ્લામાં ૪૦ હજાર હેક્ટરમાં રવિપાકનું વાવેતર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ઠંડીનું વાતાવરણ જામતાં જ રવિસીઝનના વાવેતરમાં ભારે ગતિ આવી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૪ હજાર હેક્ટર વિસ્તારમાં રવિ સિઝનનું વાવેતર થઈ ચુક્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં થયેલા વાવેતરમાં સૌથી વધુ ઘઉંનું વાવેતર ૧૬ હજાર હેક્ટર જેટલુ નોંધાયું છે. આ પછી બટાટાનું ૬ હજાર હેક્ટર તેમજ શાકભાજીના પાકોનું ૫ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં વાવેતર નોંધાયું છે.

જિલ્લામાં આ વખતે રવિ સિઝનના વાવેતર માટે સૌથી વધુ સાનુકૂળ વાતાવરણ જોવા મળી રહ્યુ છે તેથી જિલ્લામાં ૬૫ હજાર હેક્ટર કરતાંપણ વધારે વાવેતર થવાના અંદાજો છે.

જિલ્લામાં ખેડૂતોએ આ સિઝનમાં ચણાની ખેતીનો પ્રયોગ પણ કર્યો છે. ખરીફ ઋતુમાં જિલ્લામાં મગફળીની ખેતીને મળેલી સફળતા પછી ચણાની ખેતી પણ સફળ રહેશે તેવી ખેડૂતોને આશા જન્મી છે. ચણાની ખેતી ૫૦ હેક્ટર જેટલા વિસ્તારમાં જ નોંધાઈ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં રવિ સિઝનમાં ગાંધીનગર તાલુકામાં ૧૦,૦૯૮ હેક્ટર, માણસામાં ૧૫,૫૦૦ હેક્ટર, દહેગામમાં ૯૨૧૦ હેક્ટર તો કલોલમાં ૭ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ જવા પામ્યુ છે.

તમાકુ અને ઘાસચારો તેમજ વરિયાળીના પાકનું વાવેતર પણ સારૂ એવુ નોંધાયું છે. રાઈ તેમજ અન્ય પાકોનું વાવેતર પણ નોંધનીય કહી શકાય તેવું નોંધાયું છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ૧૦૦થી વધુ ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે આજે ૧૦૦થી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

જિલ્લામાં સૌથી વધુ ઉમેદવારીપત્રો ગાંધીનગર તાલુકામાં ૪૪ ભરાયા છે. જ્યારે કલોલમાં ૨૨, દહેગામમાં ૨૪ અને માણસામાં ૧૦ થી ૧૨ ફોર્મ ભરાયા છે.

જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટેની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આ ચૂંટણીને લઈ માહોલ જામેલો છે અને હજુ ઉમેદવારીપત્રો ભરવાની અંતિમ તારીખને આડે ત્રણ દિવસ છે. જો કે આગામી ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ સૌથી વધુ ફોર્મ ભરાશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં તીવ્ર સ્પર્ધાને ટાળવા બેઠકોનો સિલસિલો પણ જારી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં સરપંચની ચૂંટણી માટે ૨૧ તો કલોલમાં ૮

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડીનો ચમકારો



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓ સારી એવી ઠંડી અનુભવી રહ્યા છે.

શિયાળો હવે જમાવટ કરવા માંડ્યો છે. ઠંડી સારી એવી પડી રહી છે. અઠવાડિયા અગાઉ વધેલુ તાપમાન પુનઃ ધીમે ધીમે ઘટવા માંડ્યુ છે. આજે લઘુત્તમ તાપમાનમાં અચાનક જ ત્રણ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. લઘુત્તમ તાપમાન ગઈકાલે ૧૫ ડિગ્રી નોંધાયું હતું. જે આજે ઘટીને ૧૨ ડિગ્રીએ પહોંચ્યુ હતુ. ઠંડી વધતા શહેરીજનો ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે ચઢ્યા હતા. ઠંડીના કારણે બજારો અને શહેરના આંતરિક વિસ્તારો રાત્રે આઠેક વાગ્યાની આસપાસ જ સુમસામ બની ગયા હતા. ઠંડીની અસર હવે જનજીવન પર જોવા મળી રહી છે.

# સે-૫ના સી.એન.જી. પંપ પર સ્વાઈપ મશીનના અભાવે છુટ્ટાની રકઝક

### ગ્રાહકો કેશલેશ અભિગમ પરંતુ પંપ પર પણ સુવિધા ન હોવાથી હાલાકી : છુટાની પણોંજણથી શિરદર્દ : સ્વાઈપ મશીનની વ્યવસ્થા થાય તેવી માંગ

ગાંધીનગર તા ૬

શહેરમાં સે-૫ સ્થિત સી એન જી પંપ અનેકવાર ગ્રાહકોમાં વિવાદનુ કેન્દ્ર સ્થાન બને છે. અગાઉ નોટબંધી વેળાએ જુની નોટો સ્વીકારવામાં નહીં આવતા પણ હોબાળો મચ્યો હતો. જયારે પંપ પર ગ્રાહકોને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓનો અભાવ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ત્યારે હાલ સમગ્ર આર્થિક વ્યવહાર કેશલેશ તરફ આગળ વધારવા સરકાર પ્રયત્નશીલ છે. ત્યારે સે-૫ ના સી એન જી પંપ પર સ્વાઈપ મશીનના અભાવે ગ્રાહકોએ છુટા પૈસા માટે રકઝક કરવાનો વારો આવ્યો છે.

શહેરના સે-૫ માં સ્થિત સી એન જી પંપ પર વારંવાર ટેકનિકલ કારણોસર સી એન જી ફિલીંગ બંધ રહેતા કારચાલકોના મોં વંકાય છે. જયારે ગ્રાહકોને અનુલક્ષીને જરૂરી આનુસંગિક સુવિધાઓનો પણ અભાવ વર્તાતો હોવાની બુમો પણ ઉઠવા પામે છે. થોડા સમય અગાઉ નોટબંધી વેળાએ પણ જુની નોટો ન સ્વીકારવામાં આવતા હોબાળો મચી ગયો હતો. જયારે રાત્રિના સમયે પણ ઘણીવાર માત્ર એક જ ફિલીંગ મશીન કાર્યરત હોવાથી આમ નાગરિકોએ

● અનુસંધાન પાન-૭ પર

બારમી વાર્ષિક પુણ્યતિથિ શ્રધ્ધાંજલી



જન્મ તા.૧/૬/૧૯૬૭ સ્વ.તા.૭/૧૨/૨૦૦૪

સ્વ. કાન્તાબેન વિઠ્ઠલજી મકવાણા

એવો એક ચહેરો જે દષ્ટિમાથી ભુલાય ક્યારેય નહીં
એક વિશાળ વ્યક્તિત્વ જે કદી વિસરાય નહી,
એક હુંફ જે હવે આજીવન મળશે નહી,
તેવા આપના દિવ્ય આત્માને
પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.....

લિ. વિઠ્ઠલજી કે.મકવાણા, હિતેશ વિ.મકવાણા(પુત્ર)
સેજયકુમાર વી.ઠાકોર(જમાઈ), બ્રિજલ હિતેશ મકવાણા(પુત્રવધુ)
નયના એસ.ઠાકોર(દિકરી), ક્રિષા હિતેશ મકવાણા(પૌત્રી)
સ્મિત(ભાણો)

સમસ્ત મકવાણા પરિવાર-ધોળાકુવા

# માણસાના ગુલાબપુરાને જિલ્લાનું પ્રથમ કેશલેસ વિલેજ બનાવાશે

### લીડબેંક ગામને વાઈ-ફાઈની સુવિધા આપશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ગુલાબપુરા ગામને જિલ્લાનું પ્રથમ કેશલેસ ગામ બનાવવા માટેની કવાયત બેંકો, તંત્ર અને ગ્રામજનોએ શરૂ કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લા લીડ બેંક દેના બેંક દ્વારા આ આખીય કવાયતનું મોનીટરીંગ થઈ રહ્યું છે. ગ્રામજનો સાથે બેઠકોનો સિલસિલો ચાલુ છે. તેમને કેશલેસ અર્થવ્યવસ્થાની અને કેવી રીતે વ્યવહારો ચલાવવા તેની સમજ બેઠકોમાં આપવામાં આવી રહી છે.

૧૫૦૦ની વસ્તી ધરાવતા ગામમાં બે સહકારી મંડળીઓ છે. એક દૂધ મંડળી અને બીજી સેવા સહકારી મંડળી જેમાં પી.ઓ.એસ. મુકી દેવામાં આવ્યા છે.

આ ગામના તમામ લોકોને રૂપે કાર્ડ બેંક દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ તેમના આધારકાર્ડ અને મોબાઈલ નંબરનું ફીડીંગ તેમના ખાતા સાથે કરી દેવામાં આવશે.

ગામમાં જેની પાસે જુના

● અનુસંધાન પાન-૭ પર

## અંતિમ ધામ ખાતે ૧૦ મીએ સ્વજનોના અસ્થિવિસર્જન અન્વયે પ્રાર્થના સભા

ગાંધીનગર તા ૬

શહેર વસાહત મહામંડળ દ્વારા સ્વજનોના અસ્થિ વિસર્જનની ઉમદા સેવા પુરી પાડવામાં આવે છે. શહેર વસાહત મહામંડળ દ્વારા અત્યાર સુધી ૩૪,૬૦૦ અસ્થિઓનુ હરિદ્વારા ખાતે વિસર્જન કરાયુ છે. જેના ભાગરૂપે તા ૯ સપ્ટેમ્બરથી ડિસેમ્બર દરમિયાન અસ્થિકુંભમાં એકત્રિત કરાયેલા સ્વજનોના અસ્થિઓ તા ૧૨ ડિસેમ્બરના રોજ સવારે ૭:૩૦ કલાકે હરિદ્વારા ખાતે હરકી પેઢીમાં વિસર્જન કરાશે. આ અન્વયે મહામંડળ દ્વારા પ્રાર્થના સભાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૧૦ ડિસેમ્બરના રોજ સે-૩૦ અંતિમ ધામ ખાતે સવારે ૯ : ૧૫ કલાકે પ્રાર્થના સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ તબક્કે મૃતકોના સ્વજનોને હાજરી આપવા મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT, Kisan, ashirvad, BENELAVE, DR. FIXIT, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com